ફોજદારી કેસ નં.     ૫૫૭૪૫/ ૧૯ નાં કામે આંક–૧ નીચે હુકમ..

..........................................................................................................

આરોપી સામે ઈ.પી.કોડની કલમઃ૧૮૮,બી.પી.એકટનીકલમઃ૧૩૧ નું ચાર્જસીટ રજુ થયેલ છે. જે સંબધે અદાલતની કોઈ પરવાનગી લીધેલ હોય કે ફરીયાદ કરનાર અધિકારીએ   લ ેખિતમાં ફરીયાદ કરનાર અધિકારીએ લેખિતમાં ફરીયાદ અદાલતમાં આપેલ હોય તેવું જણાતું નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો 1999(1) G.L.H. 203 A.K. TRIVEDI. J. Ramji Bhikha Koli & Ors. Versus State of Gujarat ( FOR QUASHING  & SET ASIDE FIR/ORDER) NO.24632 OF 2015 GOVARDHANKUMAR THAKORDAS ASRANI Versus STATE OF GUJARAT તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો R/SPECIAL CRIMINAL APPLICATION NO.4105 OF 2017 MOHAMADMOHSIN MOHAMADIRFAN CHHALOTIYA  Versus STATE OF GUJARAT  ધ્યાને લેતાં પણ ઈ.પી.કોડની કલમઃ૧૮૮ નાં ગુના સંબધે ક્રિ.પ્રો.કોડની કલમઃ૧૯૫ નો બાધ ધ્યાને લેતા તેમાં કાયદા મુજબની પ્રક્રિયા અપનાવવામાં આવેલ ન હોવાનું  સ્પષ્ટ થાય છે  અને તે સંજોગોમાં આરોપી સામેની કાર્યવાહી ચાલવા પાત્ર જણાતી નથી. જેથી પોલીસે ક્રિ.પ્રો. કોડની કલમઃ૧૫૫ મુજબની કોઈ મંજુરી લીધેલ ન હોઈ તેમજ અદાલતમાં કોઈ લેખિત ફરીયાદ આપેલ ન હોઈ, આ કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોઈ નામ.વડી અદાલતનાં ચુકાદાનાં આધારે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –ઃહુકમઃ–

આરોપી સામે હાલની કાર્યવાહી સી.આર.પી.સી.ક.૨૫૮ અન્વયે બંધ કરવામાં આવે છે.આરોપીને આ ગુનામાંથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ  આજ તા.૧૩/૦૭/૧૯નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
જજ કોડ જી.જે.૦૦૯૮૩

અમદાવાદ
તા.૧૩/૦૭/૧૯